ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

કોંગ્રેસ હવે સુપ્રીમ કોર્ટના નામે પણ જુઠ્ઠાણા ફેલાવી રહી છે. સુપ્રીમ કોર્ટે આ બાબતે રાહુલ ગાંધીને નોટીસ પણ ફટકારી છે. સુપ્રીમ કોર્ટના નામે રાહુલ ગાંધી પ્રજાની આંખમાં ધૂળ નાંખી રહ્યાં છે. - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રમાણીક અને પરીશ્રમી વડાપ્રધાન છે. દિલ્હીમાં ચોકીદાર બનીને દેશની તિજોરી ઉપર કોઇનો કાળો પંજો પડવા દેતા નથી – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

યુનાઇટેડ નેશને આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને "ચેમ્પિયન ઓફ ધ અર્થ" નો એવોર્ડ તેમના અદભૂત કાર્ય બદલ આપ્યો છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

પહેલાં ગ્લોબલ વોર્નિંગ માટે ભારતને જવાબદાર ગણવામાં આવતું હતું.
આજે ભારતને ચેમ્પિયન ઓફ ધ અર્થનો પુરસ્કાર આપવામાં આવે છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

જળ, જમીન અને આકાશ ત્રણેય ક્ષેત્રો પરથી સુપરસોનીક મિસાઇલ છોડવાવાળો વિશ્વનો પ્રથમ દેશ ભારત બન્યો છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

જાતિવાદ - વંશવાદ- સંપ્રદાયવાદથી ભારતને મુક્ત બનાવવાનું સ્વપ્ન
આપણાં રાષ્ટ્રભક્ત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સેવી રહ્યાં છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

ભાજપા સર્વધર્મ સમભાવની ભાવના રાખીને ૧૩૦ કરોડ દેશવાસીઓના કલ્યાણની વાત કરે છે.
જ્યારે માત્ર કોંગ્રેસ સત્તાની લાલચમાં તુષ્ટીકરણની રાજનીતી કરે છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જુનાગઢ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચુડાસમાના સમર્થનમાં ઉના ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતુ કે, આ વખતની ચૂંટણી ભાજપા કે કોંગ્રેસ પૂરતી સિમીત નથી, પરંતુ દેશ કોના હાથમાં સલામત છે તે માટેની છે. માં ભારતી જગત જનની બને તેના માટેની છે. એક તરફ ચોકીદાર છે, તો બીજી તરફ ચોરોની જમાત છે. ચોરો ચોકીદારને ચોર કહે છે. રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટે નોટીસ આપી છે. કોંગ્રેસના અધ્યક્ષ દ્વારા વારંવાર શ્રી નરેન્દ્રભાઇ મોદી ચોર છે, તેવું જુઠ્ઠું અને પાયાવિહોણું નિવેદન કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અમે શ્રી નરેન્દ્રભાઇ મોદીને કદી ચોર કહ્યાં જ નથી. કોંગ્રેસ હવે સુપ્રીમ કોર્ટના નામે પણ જુઠ્ઠાણા ફેલાવી રહી છે. સુપ્રીમ કોર્ટે આ બાબતે રાહુલ ગાંધીને નોટીસ પણ ફટકારી છે. સુપ્રીમ કોર્ટના નામે રાહુલ ગાંધી પ્રજાની આંખમાં ધૂળ નાંખી રહ્યાં છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રમાણીક અને પરીશ્રમી વડાપ્રધાન છે. દિલ્હીમાં ચોકીદાર બનીને દેશની તિજોરી ઉપર કોઇનો કાળો પંજો પડવા દેતા નથી. આ ચોરોની જમાતને આવા પ્રમાણીક અને પરીશ્રમી વડાપ્રધાન પસંદ નથી, તેથી તેઓ વારંવાર મોદી હટાવો.... મોદી હટાવો... કહ્યાં કરે છે. જુઠ્ઠુ બોલવું, જોરથી બોલવું, વારંવાર બોલવું આ કોંગ્રેસનો સ્વભાવ છે. કોંગ્રેસની અંદર હારનો ડર પેસી ગયો છે. અગાઉની ચૂંટણીમાં હારી ગયા બાદ ઇ.વી.એમ. ના બહાના કાઢતા હતાં. દેશમાં લોકસભાની પ્રથમ ચરણની ચૂંટણી બાદ તેઓ અત્યારથી જ કહેવા લાગ્યાં છે કે, ઇ.વી.એમ.ના કારણે બી.જે.પી. જીતશે. આ બતાવે છે કે, કોંગ્રેસ હાર ભાળી ગઇ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, યુનાઈટેડ નેશને આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને "ચેમ્પિયન ઓફ ધ અર્થ" નો એવોર્ડ તેમના અદભૂત કાર્ય બદલ આપ્યો છે. આ માત્ર વડાપ્રધાનનું સન્માન નથી, પરંતુ દેશની ૧૩૦ કરોડ જનતાનું સન્માન છે. પહેલાં ગ્લોબલ વોર્નિંગ માટે ભારતને જવાબદાર ગણવામાં આવતું હતું. આજે ભારતને ચેમ્પિયન ઓફ ધ અર્થનો પુરસ્કાર આપવામાં આવે છે, તે દર્શાવે છે કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અથાગ પરિશ્રમ દ્વારા અને દેશહિત અને વિકાસ કાર્યોની હારમાળા સર્જીને ભારત દેશને આ ગૌરવશાળી સન્માન અપાવ્યું છે, જે દેશ માટે નાનીસુની વાત નથી. આપણા ઈસરોના વૈજ્ઞાનિકોએ અંતરીક્ષમાં પણ અદભૂત કામગીરી કરી છે. એક સાથે ૧૦૪ સેટેલાઈટ અંતરીક્ષમાં છોડીને ઈતિહાસ સર્જયો છે. જળ, જમીન અને આકાશ ત્રણેય ક્ષેત્રો પરથી સુપરસોનીક મિસાઈલ છોડવાવાળો વિશ્વનો પ્રથમ દેશ ભારત બન્યો છે. વૈજ્ઞાનિકોની આ કુશળ કામગીરીના કારણે અંતરીક્ષ ક્ષેત્રમાં પણ ભારતની ખ્યાતિ વધી છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપા સર્વધર્મ સમભાવની ભાવના રાખીને ૧૩૦ કરોડ દેશવાસીઓના કલ્યાણની વાત કરે છે. જ્યારે માત્ર કોંગ્રેસ સત્તાની લાલચમાં તુષ્ટીકરણની રાજનીતી કરે છે. કોંગ્રેસે એક કોમને મતના મશીન તરીકે જોઈને ચૂંટણી જીતવા માટે તેનો ઉપયોગ કરે છે. કોંગ્રેસે મુસ્લિમ સમાજનો વિકાસ ક્યારેય કર્યો જ નથી. જ્યારે ભાજપા "સૌનો સાથ સૌનો વિકાસ" એ મંત્ર સાથે કાર્ય કરી રહી છે. આ જાતિવાદ - વંશવાદ- સંપ્રદાયવાદથી ભારતને મુક્ત બનાવવાનું સ્વપ્ન આપણાં રાષ્ટ્રભક્ત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સેવી રહ્યાં છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે તેમણે ૬ કરોડ ગુજરાતીઓનો વિકાસ કર્યો. તેમાં રાજ્યમાં વસતાં તમામ જાતિઓના લોકોનો સમાવેશ થાય છે. તેમને કદી કોઈપણ જ્ઞાતિઓ વચ્ચે ભેદભાવ રાખ્યો નથી. જ્યારે કોંગ્રેસ હંમેશા કોમ-કોમ, જાતિ-જાતિ, જ્ઞાતિ-જ્ઞાતિને એક બીજા સાથે અથડાવીને અધમ પ્રકારની રાજનીતિ કરી રહી છે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યું હતું કે, આપણને ગૌરવ થવું જોઈએ કે, ગુજરાતનો એક પનોતો પુત્ર જે આપણા દેશનું નામ વિદેશોમાં પણ ઉજ્જવળ કરે છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીને હજુ પણ આવા ગૌરવવંતા કાર્યો કરવા માટે આપણે શ્રી રાજેશભાઈ ચુડાસમાને જંગી બહુમતીથી વિજયી બનાવીને દિલ્હી મોકલવા છે. જેમ દેશમાં આતંકવાદીઓનો સફાયો થઈ રહ્યો છે, તેમ આપણે સૌએ કોંગ્રેસનો સફાયો કરીને આ દેશમાં ફરીથી કમળને સોળે કળાએ ખીલવવું છે.

શ્રી વિજયભાઈ રૂપાણીની ઉના ખાતેની આ જનસભામાં લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી રાજેશભાઈ ચુડાસમાં, લોકસભા બેઠકના પ્રભારીશ્રી, ઈન્ચાર્જશ્રી, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જીલ્લા સંગઠનના હોદેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૧૬.૦૪.૨૦૧૯

-----------

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી આવતીકાલે તારીખ ૧૭ એપ્રિલના રોજ

બપોરે ૧.૦૦ કલાકે હિંમતનગર ખાતે બપોરે ૦૩.૦૦ કલાકે સુરેન્દ્રનગર ખાતે અને સાંજે ૫.૦૦ કલાકે આણંદ ખાતે જંગી જાહેરસભાને સંબોધશે. - શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી

તારીખ ૧૮, એપ્રિલ, ૨૦૧૯ ગુરૂવારે સવારે ૦૯.૩૦ કલાકે અમરેલી ખાતે વિશાળ જનસભાને સંબોધશે.
- શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

ગુજરાતની જનતાના આશીર્વાદ અને લાખો કાર્યકર્તાઓના પરિશ્રમથી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનું કમળ ખીલશે. - શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

ગુજરાતના પનોતાપુત્ર અને વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના પુનઃ પ્રધાનમંત્રી બનાવવા માટે સમગ્ર દેશ અને ગુજરાતની જનતામાં અનેરો થનગનાટ - શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, ગુજરાતના પનોતા પુત્ર માનનીય **પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આવતીકાલે તારીખ ૧૭ એપ્રિલે હિંમતનગર, સુરેન્દ્રનગર અને આણંદ તેમજ તારીખ ૧૮, એપ્રિલ, ૨૦૧૯ના રોજ અમરેલી ખાતે** જંગી જાહેર સભાઓને સંબોધશે.

આગામી લોકસભા ચૂંટણી અન્વયે સમગ્ર ભારતમાં કેસરિયો માહોલ પ્રસરી રહ્યો છે ત્યારે ગુજરાતની જનતાના આશીર્વાદ અને લાખો કાર્યકર્તાઓના પરિશ્રમથી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનું કમળ ખીલશે. ગુજરાતના પનોતાપુત્ર અને વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના પુનઃ પ્રધાનમંત્રી બનાવવા માટે સમગ્ર દેશ અને ગુજરાતની જનતામાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે.

## લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪ ૨૦૧૯ બુધવાર | બપોરે ૦૧.૦૦ કલાકે | સાબરકાંઠા લોકસભા - જાહેરસભા<br>સ્થળઃ મોદી ગ્રાઉન્ડ, હિંમતનગર |
| | બપોરે ૦૩.૦૦ કલાકે | સુરેન્દ્રનગર લોકસભા - જાહેરસભા<br>સ્થળઃ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, સુરેન્દ્રનગર |
| | સાંજે ૦૫.૦૦ કલાકે | આણંદ લોકસભા - જાહેરસભા<br>સ્થળઃ શાસ્ત્રી મેદાન, બસ સ્ટેન્ડ સામે, વલ્લભવિદ્યાનગર |
| ૧૮.૦૪.૨૦૧૮ ગુરુવાર | સવારે ૦૯.૩૦ કલાકે | અમરેલી લોકસભા - જાહેરસભા |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૧૬.૦૪.૨૦૧૯

**કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી આવતીકાલે ગુજરાતના ચૂંટણીલક્ષી પ્રવાસે**

-----------

**કેન્દ્રીય મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજજી તારીખ ૧૮ એપ્રિલ, ૨૦૧૯ ગુરૂવારે ગુજરાતના ચૂંટણીલક્ષી પ્રવાસે**

-----------

**ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં છે ત્યારે ભાજપાની વિજયલહેર ઉમટી રહી હોય તેવો માહોલ સમગ્ર ગુજરાતમાં છવાઇ ગયો છે.**
**- શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઇ ભટ્ટે કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, કેન્દ્રીય મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજજી તારીખ ૧૮ એપ્રિલ, ૨૦૧૯ ગુરૂવારે ગુજરાતના ચૂંટણીલક્ષી પ્રચાર અંતર્ગત અમદાવાદ ખાતે મહિલા સંમેલન અને જામનગર ખાતે પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી આવતીકાલે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર અંતર્ગત પાટણ, વેરાવળ, ગોંડલ અને રાજકોટ ખાતે જાહેરસભાને સંબોધશે.

આગામી લોકસભા ચૂંટણી અન્વયે સમગ્ર ભારતમાં કેસરિયો માહોલ પ્રસરી રહ્યો છે ત્યારે આગામી ત્રીજા ચરણની ગુજરાતની લોકસભા ચૂંટણી અન્વયે શ્રીમતી સુષ્મા સ્વરાજજી તથા શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી ગુજરાતમાં વિજળીવેગે પ્રવાસ ખેડી ભાજપાના લોકસભાના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી પ્રચાર-પ્રસાર કરશે.

**કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીજીનો વિગતવાર કાર્યક્રમ**

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૭.૦૪.૨૦૧૯ બુધવાર | સવારે ૧૦.૦૦ કલાકે | **પાટણ લોકસભા (પાટણ વિધાનસભા) -** જાહેર સભા<br>**સ્થળ -** મેદાન, પટેલ ઓટો મોબાઈલ પાછળ, હોટલ રવેટા પાસે, પાટણ |
| | બપોરે ૦૩.૩૦ કલાકે | **સોમનાથ મંદિર દર્શનાર્થે** |
| | સાંજે ૦૪.૩૦ કલાકે | **જુનાગઢ લોકસભા (વેરાવળ વિધાનસભા) -** જાહેર સભા<br>**સ્થળ -** ગાર્ડન ચોક, વેરાવળ. |
| | સાંજે ૦૬.૧૫ કલાકે | **પોરબંદર લોકસભા (ગોંડલ વિધાનસભા) -** જાહેર સભા<br>**સ્થળ –** માંડવી ચોક, ગોંડલ. |
| | રાત્રે ૦૯.૦૦ કલાકે | **રાજકોટ લોકસભા (રાજકોટ પૂર્વ વિધાનસભા) -** જાહેર સભા<br>**સ્થળ –** પાણીઘોડા, પેડક રોડ, રાજકોટ |

**કેન્દ્રીય મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજજીનો વિગતવાર કાર્યક્રમ**

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૮.૦૪.૨૦૧૯ ગુરુવાર | બપોરે ૦૨.૦૦ કલાકે | **અમદાવાદ પૂર્વ/પશ્ચિમ લોકસભા –** મહિલા સંમેલન<br>**સ્થળ -** કુશાભાઊ ઠાકરે હોલ, સી.ટી.એમ. અમદાવાદ |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | **જામનગર લોકસભા -** પ્રબુધ્ધ નાગરિક સંમેલન<br>**સ્થળ –** ટાઉનહોલ, જામનગર. |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ